સત્સંગ-નિર્ઝર

પરમ પૂજ્ય સંતશ્રી આશારામજી મહારાજ

"આત્મ-સાક્ષાત્કાર કરવો એ જ
જગતમાં મોટામાં મોટું કાર્ય છે."

મોટેરા આશ્રમ * સાબરમતી * અમદાવાદ-૩૮૦ ૦૦૫

☆

જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, લાભ-હાનિ આવતાં જ રહેશે. પરંતુ તમે ધૈર્યવાન થઈને આ બધાંથી તાદાત્મ્ય ન કરતાં એ બધાંના સાક્ષી આત્મસ્વરૂપમાં સ્થિત રહો.

આ બધું સ્વપ્ન છે. જો સ્વપ્ન જ છે તો તેને વીતવા દો, દુઃખી શા માટે થાઓ છો?

— પૂજ્યશ્રી

સત્સંગ-નિર્ઝર

પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ

"કેવળ મંત્ર લેવાથી અને કાન ફુંકાવવાથી આત્મજ્ઞાન થતું નથી. તેના માટે આત્મજ્ઞાની મહાપુરુષોનો યથાર્થ સંગ કરવો પડે છે."

મોટેરા આશ્રમ, સાબરમતી,
અમદાવાદ-૫.
સન ૧૯૭૮

પરમપૂજ્ય ગુરુજી સમક્ષ શું બોલું, સમજ નથી પડતી. ન્યાયાલયોમાં તો ઘણું બોલ્યો છું, પરંતુ અહીં બોલવાની હિંમત નથી કરી શકતો. (રૂંધાયલા કંઠે) સમર્થ ગુરુ ન મળે તો માનવને કેટકેટલા જન્મ લેવા પડે છે – આ ભવ-સાગર તરવા માટે!

હું ઘણું ફર્યો છું સત્ગુરુની શોધમાં. શ્રી બજરંગદાસજી મહારાજ, રણછોડદાસજી મહારાજ, શેરડીના સાંઈ બાબા, નિત્યાનંદ સ્વામી વગેરેનાં દર્શન કર્યાં છે. આ કોઈ અતિ-શયોક્તિપૂર્ણ ભાષણ નથી કરતો. આ તો મારા હાર્દિક ભાવોનું પ્રગટીકરણ છે. પરંતુ હવે મારી શોધ પૂરી થઈ છે. **પરમપૂજ્ય સ્વામી શ્રી આશારામજી મહારાજની અનન્ય કૃપા મારા પર વરસી રહી છે ...... તમે બધા ભલે ગમે તે કહો – પણ મારા માટે તો સ્વામીજી સાક્ષાત ભગવાન છે.**

શ્રી હસમુખલાલ સી. શાહ.
એમ. એ., એલએલ. બી.
ભૂતપૂર્વ જજ, વડોદરા.

વહેંચવા માટે કિફાયત ભાવ :

૨૫૦ પ્રતના રૂ. ૭૦ ૫૦૦ પ્રતના રૂ. ૧૩૦
૧૦૦૦ પ્રતના રૂ ૨૫૦

✻ નિવેદન ✻

માનવ માત્ર આનંદ ઈચ્છે છે. તેના જીવનની નાની મોટી બધી જ પ્રવૃત્તિઓ જાણે અજાણે પણ આનંદની ખોજ માટે જ થતી હોય છે. સદ્ભાગ્યવશાત્ વિવેક જાગે તો માનવ ભૌતિક પદાર્થોમાંથી આનંદ ખોળીને થાક્યા બાદ અધ્યાત્મ તરફ વળે છે. પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે અધ્યાત્મમાં સફળતા ન મળતાં તેના જીવનમાં નિરાશા વ્યાપી જાય છે. જીવનમાં આધ્યાત્મિક અજવાળાં પાથરી શકે એવા સમર્થ માર્ગદર્શક પ્રાપ્ત થવા એ માનવનું અહોભાગ્ય છે.

ગુજરાતનું એ સૌભાગ્ય છે કે પાટનગર અમદાવાદમાં સાબરમતીના તીરે પ્રકૃતિના રમ્ય વાતાવરણમાં વસેલા મોટેરા આશ્રમમાં, આધ્યાત્મિક જગતના દરેક માર્ગોમાં માર્ગદર્શન આપવા સમર્થ એવા યોગી અને બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ પૂ. સંત શ્રી આશારામજી મહારાજ બિરાજે છે. આવો, આપણે એમની અમૃતવાણી દ્વારા વહેતી જ્ઞાનગંગામાંથી એક આચમન કરીએ.

–સંપાદક

છોડે જબ અભિમાનકો ....

[મોટેરા આશ્રમ, તા. ૨૩-૭ ૭૮, રવિવાર]

ગુરુપૂર્ણિમા પછી આજે પ્રથમ સત્સંગ છે. ત્રણ દિવસ પહેલાં સદ્ગુરુનાં ચરણે તન-મન-ધન મૂકીને કૃતકૃત્ય થઈ, મહાપુરુષનાં વાણી, દૃષ્ટિ, સ્પર્શ તથા પ્રસાદ દ્વારા પરમાત્માનું કૃપાધન લૂંટી ગયેલા સાધકો આજે પાછા પ્રેમરસમાં તરબોળ થવા આશ્રમે આવ્યા છે. બધાના ચહેરા પર અધ્યાત્મપથના નૂતન વર્ષનો ઉલ્લાસ અને આનંદની ઝલક દેખાય છે.

સત્સંગની પૂરી તૈયારી થઈ જતાં બધા ભક્તો અને સાધકો સત્સંગ-ભવનમાં ગોઠવાય છે. ૧૧-૩૦ વાગ્યે પૂજ્ય સ્વામીજી પધારીને વ્યાસપીઠ પર બિરાજે છે. "હરિઃ ૐ...." ના ગુંજારવ સાથે ધ્યાન શરૂ થાય છે. આકાશ વાદળાંથી ઘેરાયેલું છે. વાતાવરણમાં ઠંડક છે. મંદ ને મધુર પવનની લહેરખીઓ વાઈ રહી છે. આંતર સૃષ્ટિને શાંત થવા માટે બાહ્ય સૃષ્ટિ અત્યારે પૂર્ણ સહયોગ આપવા તત્પર થઈ છે. સાધકો માટે સમાધિ સાધવાના આ દિવસો છે. પ્રકૃતિના રમણીય ખોળે, સદ્ગુરુના સાંનિધ્યમાં સાધકો ઊંડા ધ્યાનમાં ડૂબકીઓ લગાવે છે. ત્યારબાદ પ્રાણ અને મનરૂપી બે બળદોએ ખેડીને સુંવાળા બનાવેલા આંતરપ્રદેશના ખેતરમાં પૂજ્ય સ્વામીજી સત્સંગ દ્વારા જ્ઞાનનાં બી વાવવાનો પ્રારંભ કરે છેઃ

પૂ. સ્વામીજી : ગોકુળની ગોપીઓ કદી પદ્માસન લગાવીને ધ્યાનમાં ન બેસતી અને ધ્યાન વિના એક પળ પણ ન રહેતી ! તેઓ જે કંઈ કરતી તે બધું કૃષ્ણ માટે કરતી. ચેષ્ટાઓ બધી કરતી પણ વૃત્તિ કૃષ્ણમય જ રહેતી. સવારે ગાય દોહતી તો કૃષ્ણને યાદ કરતી. દહીં વલોવતી તો કૃષ્ણ માટે માખણ તારવવા માટે. આંગણું વાળીચોળીને સ્વચ્છ કરતી તો એ ભાવનાથી કે કાનુડો ગાયો લઈને આ શેરીએથી નીકળશે તો તેને ગમશે. કૃષ્ણના અનુસંધાન વિનાની કોઈ ચેષ્ટા નહિ, કૃષ્ણના સ્મરણ વિનાની કોઈ પળ નહિ તેઓ પ્રેમાભક્તિની પ્રતિમાઓ હતી.

એ જમાનામાં ઘણા વિદ્વાનો હતા. શાસ્ત્રોનો ખૂબ પ્રચાર હતો, ભગવત્-ચર્ચાઓ પણ ખૂબ થતી. પણ ગોપીઓ પાસે જે વિશેષતા હતી તે બીજે ક્યાંય ન હતી. પરમાત્માના સ્વરૂપ વિષે વિવેચન કરનારા વિદ્વાનો ઘણા હતા પણ પરમાત્મામાં ડૂબી જઈ ધન્ય થનાર તો ગોપીઓ જ.

ખરો બુદ્ધિમાન માનવ તે છે કે જે દુરાચારથી નિવૃત્ત થઈ સદાચારમાં પ્રવૃત્ત થાય, સદ્ગ્રંથોનું અધ્યયન કરે, સમજે અને તેનો પ્રચાર કરે. આ બધાં કાર્યો સારાં છે. પણ પરમ કર્તવ્યની સમાપ્તિ અહીં પણ થતી નથી. શાસ્ત્રોનો અભ્યાસ,

આચાર ને પ્રચાર સારો છે પણ ભક્તિરસ આગળ, બ્રહ્માનંદની નિત્ય મસ્તી આગળ તે ઝાંખો લાગે છે. વિદ્વાન અને બુદ્ધિમાન પણ જો શાસ્ત્રાધ્યયન ને આચરણમાં અટવાઈ જાય, ઉપદેશ અને પ્રચારની પ્રવૃત્તિમાં ખોવાઈ જાય તો નિજાનંદની મસ્તી, આત્માનંદની મસ્તી ક્યારે લેશે? **શાસ્ત્રોના આદેશ પ્રમાણે આચરણ કરવું એક વાત છે અને જેના માટે સમસ્ત શાસ્ત્રસમુદાય રચાયો છે એ પરમાત્મામાં ખોવાઈ જવું, ઓગળી જવું એ નિરાળી વાત છે.** ગોપીઓ આવી હતી. બાલની ખાલ ઉતારવામાં તેમને રસ ન હતો, ઘટાકાશ ને મઠાકાશની કડાકૂટમાં તેમને રસ ન હતો. તેઓ તો બસ પ્રેમરસ પીને દીવાની બનવાનું જ જાણતી હતી ને માણતી હતી. બધી વ્યાવહારિક ક્રિયાઓ કરવા છતાં તેઓ વ્યવહારથી પર હતી. કેમકે તેમની સૂરતા સદા શામળિયા સાથે જ રહેતી.

આ જ પ્રમાણે જ્ઞાની અને ફકીરની ચેષ્ટાઓ પણ દેખાય છે તેવી વ્યાવહારિક નથી. તેઓ તો સદા નિજાનંદમાં, નિજ-સ્વરૂપમાં ડૂબેલા રહે છે. તેમના માટે કોઈ કર્તવ્ય શેષ નથી. તેમને સાંભળવા જનસમૂહ એકત્ર થાય ત્યારે મોજ આવે તો વાક્ધારા વહાવે નહિ તો કહી દે: બસ, આજે આટલું જ. વિદ્વાન તો ભાષણ કરવાની ફરજમાં બંધાય તથા ફરજ

બજાવવી પડે. પણ જ્ઞાની, ફકીર કે પરમ ભક્ત જુએ કે નિજાનંદના ભોગે બધું થાય છે તો તે ઉપદેશ દેવો પણ છોડી દે. મસ્તીમાં રહેવાતું હોય તો મોટાં યુદ્ધો પણ ચાલુ રાખે. એ મહાપુરુષો શુભ અને અશુભ ઉભયથી પર થયા હોય છે.

જીવનમાં અન્ય ચીજોને એટલું મહત્ત્વ ન આપો કે નિજાનંદની મસ્તી દબાઈ જાય. સત્સંગમાં જવું સારું છે. પણ જે સત્સંગ પરમાત્મામાં ડૂબાડવાની તૈયારી ન કરાવી શકે તેનું મૂલ્ય ઘટી જાય છે. સત્સંગની વાતો કરવાની કળા ઘણા પાસે હોય છે. સત્સંગની વાતો સાંભળવી સારી છે પણ ભક્તિનો સ્વાદ ચાખવો તેનાથી જુદી વાત છે. ભક્તિનું અમૃતપાન મળી જાય, શિવજીને લોટો પાણી ચડાવવામાં સ્વાદ આવી જાય તો અન્ય તુચ્છ વાતો છોડીને એ સરિતામાં ઝબોળાવું જોઈએ.

ભક્તિ એ કોઈ ક્રિયા નથી પણ ભાવના છે, કૃતિ નથી પણ વૃત્તિ છે. જેની જટામાં સ્વર્ગમાંથી ઊતરી આવેલી ગંગા આખી સમાઈ ગઈ એ શિવજીને તમારા પાણીના એક લોટાની શી જરૂર છે?

આચાર્ય વિનોબા ભાવે કહે છે: “આપણે રોજ શિવની પૂજા કરીએ છીએ ને એક લોટો પાણી ચડાવીએ છીએ.

દરરોજ એક લોટો ચડાવવાની શી જરૂર? સમય પણ જાય છે. તો વર્ષના ૩૬૫ લોટા થાય, એના બદલે મ્યુનિસીપાલિટીનું એક ટેંકર ભરીને પાણી ચડાવી દઈએ તો ન ચાલે? ૩૬૫ના બદલે હજારો લોટા થઈ જાય. પણ ના, એ હજારો લોટાનો કંઈ અર્થ નથી. એ તો વેપારી દૃષ્ટિ થઈ. રોજના એક લોટાના પાણીની ધાર સાથે તમારા હૃદયમાં ભાવની પણ ધારા વહે છે, પ્રેમની ધારા વહે છે. ત્યારે એ પાણી નથી રહેતું પણ કંઈક વિશેષ બની જાય છે.''

શાસ્ત્રવાચન, આચાર ને ઉપદેશ સાથે ભક્તિરસની ધારા હોય તો સોનામાં સુગંધ ભળે. લૂખી વિદ્વત્તા તો ઘણી જોવા મળે. વિદ્વાન થઈને ભાષણ કરવું કંઈ બહુ કઠિન નથી તેમ મહત્ત્વપૂર્ણ પણ નથી. ભક્ત થઈને અહંને ન્યોચ્છાવર કરી દઈ પરમાત્મામાં ડૂબી જવું કઠિન ને મહત્ત્વપૂર્ણ છે.

જેને ડૂબવાની કળા આવડી જાય છે તેને વધુ ને વધુ ડૂબવામાં, વધુ ને વધુ ઓગળી જવામાં, વધુ ને વધુ શૂન્ય થઈ જવામાં મજા આવે છે. પણ જેને એ કળા નથી આવડી, અંદર ડોકિયું કરતાં નથી આવડયું તે અન્ય સાધકની, ધ્યાનમાં થતી ક્રિયાઓ જોઈને વિસ્મય પામે છે. ઘણીવાર તેને એ બધું હાસ્યાસ્પદ પણ લાગે છે. તે વિચારે છે કે આ શું

પાગલપણુ છે? પણ એ પાગલપણુમાં શું સ્વાદ છે તે તો પાગલ થનાર જ જાણે છે.

'ડૂબને સે કયા મિલા ડૂબનેવાલોંસે પૂછ...''

એ સ્વાદ સસ્તો નથી. રૂપિયાની થેલી ભરીને બજારમાં ફરી વળો, કોઈ એ સ્વાદ આપી શકે છે? એનાં મૂલ તો મોંઘાં છે.

'પ્રેમ સુરાહી સો પીએ જો સિસ દક્ષિણા દેત.'

સિસ એટલે અહં. જે અહં આપી દે તે પ્રેમરસ ચાખી શકે. લોભીનું અહીં કામ નથી. અહીં ધનના લોભીની વાત નથી અહંને પકડી રાખનાર, એકવાર માની લીધેલી માન્યતાને પકડી રાખનાર લોભીની વાત છે. ખોપડીમાં ભરાઈ ગયેલો દેહાધ્યાસ ન છોડે એવા લોભીની આ વાત છે.

તમારી જે કંઈ પકડ હશે તે બધી જ અહંના ઘેરાવામાં છે. નાત, જાત, પંથ, વાડા, ગરીબ, અમીર, ભણેલો, અભણ એ બધું અહંના આધારે ઊભું છે. **પરમાત્મા કોઈ માન્યતાનો કે કોઈ પંથનો ગુલામ નથી. જ્યાં બધી માન્યતાઓ સ્વાહા થઈ જાય ત્યાં જ પરમાત્મા છે.** પરમાત્મા નથી સાધુને મળતો કે નથી ગૃહસ્થને મળતો. ઈશ્વરને મેળવવા ગરીબ સમર્થ નથી ને અમીરને તો કોઈ અધિકાર

જ નથી. નથી તે નાનાને મળતો કે નથી મોટાને મળતો. **જયાં સુધી તમે કંઈ બનેલા છો ત્યાં સુધી ઈશ્વર દૂર જ ઊભો રહે છે. ઈશ્વરને શોધનાર ખુદ મટી જાય છે, મરી જાય છે, અહંશૂન્ય થઈ જાય છે ત્યારે ઈશ્વર પ્રગટે છે. हम न तुम दफ्तर गुम।** આ જ વાત જુદા જુદા જ્ઞાનીઓ જુદી ભાષામાં મૂકે છે પણ મૂળ સાર એક જ. રામતીર્થ કહે છે :

'તુજકો ઈતના મિટા કિ તૂજમેં તૂ ન રહે, દ્વૈત કી બૂ ન રહે.'

કબીરજી કહે છે :

'પ્રેમ સુરાહી સો પીએ જો સિસ દિક્ષણા દેત,
લોભી સિસ ન દે સકે નામ પ્રેમકા લેત.'

ચાંગદેવ મોટા યોગી હતા. ૧૪૦૦ વર્ષની તો ઉંમર હતી. તેમનાં બધાં ચક્રો ખૂલ્યાં હતાં. સહસ્રારમાં બેસવાની કલા આવડી હતી. પણ હજી કલાતીત નહોતા થયા. કાલ પર વિજેતા થવાનું જાણતા પણ માયા પર વિજેતા થવાથી અજાણ હતા. કલા જાણનાર જીવતા હતા, પરિચ્છિન્નતા ગઈ ન હતી. અદ્વૈતનું જ્ઞાન થયું ન હતું.

યોગી થવું બહુ કઠિન છે. પણ પરિચ્છિન્નતા ન મટે

તો યોગી પણ વિયોગી રહી જાય. આખરે તો યોગ દ્વારા મળતી ચીજો પણ નશ્વર જ છે ને!

આવા મહાન યોગીએ જ્ઞાનેશ્વર મહારાજનો મહિમા સાંભળ્યો. મળવાની ઇચ્છા થઈ, મોટા જ્ઞાનીને જરા જોઈ લેવાની ઇચ્છા થઈ. પણ અહં તો હતો જ. વળી શરીરે ચાંગદેવ મોટા, જ્ઞાનેશ્વર મહારાજની વય તો કુમળી. એક ૧૪૦૦ વર્ષનો ડોકરો ને બીજો ૨૨ વર્ષનો છોકરો છતાં મળવા નિર્ધાર કર્યો. પત્ર લખવા બેઠા પણ સંબોધન શું કરવું તે ન સૂઝે. ઉંમરે જ્ઞાનદેવ નાના તેથી આદરણીય કેમ લખાય? અને જ્ઞાનમાં પણ કંઈ જેવા તેવા ન હતા તેથી ચિરંજીવ પણ કેમ કહી શકાય? ચાંગદેવ મુંઝાયા. ઘણી ગડમથલના અંતે કાગળને કોરો જ રહેવા દઈ એક શિષ્ય મારફત જ્ઞાનેશ્વર મહારાજને મોકલી આપ્યો.

જ્ઞાનેશ્વર મહારાજ તો તત્ત્વવેત્તા હતા, જ્ઞાની હતા, યોગી હતા. છતાં કંઈ ન હતા–લોકોની નજરે તેઓ બધું હતા, પણ પોતાની નજરે આકાશવત્ હતા, શૂન્ય હતા. જે કંઈ જ નથી તે સર્વસ્વ છે. તેમણે કાગળ જોયો ને બધું સમજી ગયા. તે કાગળ મુક્તાબાને બતાવતાં તેઓ બોલી ઊઠયાં :

"ચાંગદેવ ૧૪૦૦ વર્ષના થયા છતાં કોરા જ રહી ગયા

છે. ભક્તિનો રસ કે બ્રહ્માનંદનો રસ હજી નથી ચાખ્યો."

જ્ઞાનદેવનો સંદેશો મળતાં ચાંગદેવ તો મોટું સરઘસ લઈને નીકળ્યા. વાઘ પર સવારી કરી છે. સાપનો ચાબૂક બનાવ્યો છે. પાછળ મોટો શિષ્ય સમુદાય છે. આ રસાલાને જ્ઞાનદેવે દૂરથી જોયો. તેમણે વિચાર્યું કે: 'બેટો આવ્યો તો ખરો પણ બનીઠનીને. આ સ્થિતિમાં મટવું તેના માટે મુશ્કેલ બનશે. અહં ઓગળશે નહિ તો તેને કંઈ લાભ નહિ થઈ શકે.'

એ વખતે જ્ઞાનદેવ પોતાનાં ભાંડુઓ સાથે એક ઓટલા પર બેઠા હતા. પેલી સવારી પાસે આવી. સિદ્ધ યોગી પધારતા હતા. સ્વાગત તો કરવું જોઈએ પણ સામે જવાનું કંઈ સાધન ન હતું. તેમણે તો ઓટલાને જ કહ્યું : 'ચાલ રે ઓટલા, આ યોગીરાજનું સ્વાગત કરીએ.' અને ઓટલો એ ચારેય વિભૂતિઓને લઈને ચાંગદેવનું સ્વાગત કરવા આગળ સરક્યો. ચાંગદેવ આ જોઈને ઠરી જ ગયા. એમણે તો હિંસક પશુઓને વશ કર્યાં હતાં પણ જ્ઞાનેશ્વર મહારાજે તો જડમાં ચેતન પૂર્યું હતું. તેમના ગર્વના ટાયરમાંથી હવા નીકળી ગઈ ! અહંનો વાલ્વ ખૂલી ગયો. જ્ઞાનદેવને શરણે જઈ માફી માગી ને તત્ત્વજ્ઞાન કરાવવા વિનંતિ કરી.

જ્ઞાનેશ્વર મહારાજ કહે : "જ્ઞાન એમ ને એમ ન મળે, દક્ષિણા આપવી પડે."

ચાંગદેવ : "આજ્ઞા કરો મહારાજ, તૈયાર છું."

જ્ઞાનદેવ : "દક્ષિણામાં એક મસ્તક જોઈએ."

ચાંગદેવ : "એક નહિ પણ હજાર મસ્તક આપું. મારા માટે મરી ફીટે એવા મારી સાથે આવેલા એક હજાર ચેલાઓ છે."

જ્ઞાનદેવ : "ના, મારે તો એક જ મસ્તક જોઈએ."

ચાંગદેવ : "તમે હજાર મસ્તકની ના પાડો છો પણ હજારના બદલે ઓછામાં ઓછાં પાંચ મસ્તક તો આપીશ જ."

આમ દક્ષિણાની વાત પાકી કરીને ચાંગદેવ પોતાના આવાસે પાછા ફર્યા. બધા શિષ્યોને ભેગા કરીને કહ્યું :

"મારા વહાલા શિષ્યો, હવે જ્ઞાનેશ્વર મહારાજના સાંનિધ્યમાં હું તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો છું. દક્ષિણામાં એક મસ્તક માગ્યું છે. મેં કહ્યું કે મારી પાસે તો હજાર ચુનંદા શિષ્યો છે. માત્ર આજ્ઞાની જ રાહ જુએ છે. પણ તેમણે ના પાડી. છેવટે પાંચ મસ્તક સ્વીકારવા કબૂલ થયા છે. હું તમને બધાને વર્ષોથી ઓળખું છું. તમે એ માટે કંઈ પાછા પડો એવા નથી. બધા તૈયાર છો ને ?"

આદત મુજબ બધા શિષ્યો એકી અવાજે બોલી ઊઠ્યા :

" જી ગુરુજી, અમે બધા તૈયાર છીએ. આજ્ઞા કરો."

ગુરુજીને સંતોષ થયો. બધા ચેલાઓ ભોજન માટે વિખરાયા. ગુરુ પણ ભોજન કરીને જરા આડા પડ્યા. તેમના પેટનું તો પાણીય હાલતું નહોતું. ક્યાંથી હાલે ? કારણ કે ગુરુપર પરમ શ્રદ્ધા ધરાવનારા હજાર શિષ્યો હતા. પણ શિષ્યોને ચેન ન હતું. દરેક જણ વિચારતો હતો કે રખેને પાંચમાં મારો નંબર પણ લાગી જાય ! તેથી બધા જ એક એક કરીને નાસી છૂટ્યા. ગુરુએ ઊઠીને જોયું તો મસ્તક આપવાના ભયથી બધા નાસી છૂટ્યા હતા.

ગુરુને હકીકત સમજાઈ ગઈ. ગુરુના અહંને પોષી પોતાનું કામ કઢાવી લેનાર ચેલાઓ ખરાખરીનો ખેલ આવતાં છેહ દે છે. ઘણા લેભાગુ ગુરુઓ માયાના ચક્કરમાં જ રહીને ચેલાઓ મુંડે છે ને પવિત્ર આધ્યાત્મિક ગુરુપરંપરાને કલંકિત બનાવે છે. જો કે ચાંગદેવ તો મહાન યોગી હતા, પૂજનીય હતા. છતાં પણ માયાના ફંદામાંથી મુક્ત થયા ન હતા. તેઓ કંઈક બની બેઠા હતા. શૂન્યવત્, આકાશવત્ બનીને માયા તરી જનાર જ્ઞાનેશ્વર મહારાજ આગળ તો તેઓ બાળક હતા. જ્ઞાનેશ્વરમાં માત્ર જ્ઞાન જ શેષ રહ્યું હતું, પોતે પૂર્ણતયા ગૂમ થયા હતા.

ચાંગદેવ જ્ઞાનેશ્વર મહારાજ પાસે પહોંચ્યા. પ્રણામ કરીને કહે :

" હજાર માથાં તો ભાગી ગયાં. પાંચ પણ બાકી ન રહ્યાં. હવે આ એક જ માથું મારી પાસે છે. આપે એક જ માગ્યું હતું ને હવે આપવા માટે મારી પાસે એ જ એકમાત્ર બચ્યું છે. આપ તેનો સ્વીકાર કરો."

જ્ઞાનદેવ કહે: " હું જો તમારું માથું લઈશ તો પછી તત્ત્વનું જ્ઞાન કોણ લેશે ? અને દક્ષિણામાં માથું ન લઉં તો તમને એ જ્ઞાન કેમ પચશે ? "

જુઓ, જ્ઞાન અને દેહાધ્યાસ વચ્ચેની આ અવસ્થામાં કેવી રસાકસી છે ! માથું કપાઈ જાય પછી જ્ઞાન થાય તો શું લાભ ? અને માથું આપ્યા વિના જ્ઞાન મળવું સંભવ નથી. અહીં માથું આપવું એટલે અહંનો ત્યાગ કરવો, હુંપણાનો ત્યાગ કરવો પરિચ્છિન્નતા મીટાવી દઈ જીવભાવને સ્વાહા કરી દેવો. આનાથી મોટી ગુરુદક્ષિણા બીજી કઈ હોઈ શકે ? જ્ઞાનેશ્વર મહારાજે આ વાત ચાંગદેવને સમજાવી. ચાંગદેવ કહે :

" મહારાજ, હવે અહંરૂપી છાપરાંને અદ્ધર રાખનારા થાંભલાઓ બધા ભાગી ગયા. એ લૌકક થાંભલાઓ વગર અહંનું છાપરું નીચે જ આવે ને! મારો ભ્રમ ભાંગી ગયો

છે. હવે આપનાં ચરણના શરણે છું. આપ તો કરૂણાનિધિ છો. માટે જ્ઞાન આપવાની કૃપા કરો.''

જ્ઞાનેશ્વર મહારાજે જોયું કે હવે અધિકારી પાત્ર તૈયાર થયું છે. તેથી તેમણે સુવર્ણપાત્રરૂપી અધિકારી શિષ્યના હૃદયમાં સિંહણના દૂધ રૂપી અદ્વૈતજ્ઞાનનું દાન કર્યું.

સત્ગુરુ તમારાં તન-મન-ધન માગે છે, પણ એ બધાંથી એમને શું પ્રયોજન છે? તમારા તનને એ શું કરશે? તન એટલે મળની કોથળી. તમારા ચંચળ મનને પણ લઈને શું કરશે? અને ધન? અરે સમગ્ર પ્રકૃતિ જેની સેવા કરવા ખડે પગે તત્પર છે તેને તમારા ધનની શુ પડી છે? છતાં એ બધું સમર્પણ કરવા પાછળ રહસ્ય છે. અહંને ગાળી નાખવાની એ પ્રક્રિયા છે. સાગરમાં તરતા બરફના બેટને ઓગાળીને સાગર બનાવી દેવાનો એ નુસખો છે. પરિચ્છિન્નતામાં દુઃખી થતા જીવને પોતે અપરિચ્છિન્ન શિવ છે એવું ભાન કરાવવાનો એ કીમિયો છે. જેટલા અંશે અહં ઓગળતો જાય છે તેટલા અંશે પરમાત્મતત્ત્વની ઝાંખી થતી જાય છે. જેમ જેમ પરમમસ્તી મળતી જાય છે તેમ તેમ અહં વધુ ને વધુ ઓગળતો જાય છે. આ બંને પરસ્પરાવલંબી છે. જેમ નાવિક નાવને લઈ જાય છે ને નાવ નાવિકને લઈ જાય છે તેમ

અહં જાય તેમ પરમાત્મા આવે ને પરમાત્મા આવે તેમ અહં જાય.

અહં જ સર્વ દુઃખોનું મૂળ છે. ગોપીઓનો તમામ અહં ઓગળી ગયો હતો તેથી પ્રેમાભક્તિનો સ્વાદ લેતી હતી. ભાગ્યશાળી સાધકોનો પણ જેટલા અંશે અહં ઓગળેલો હોય છે તેટલા અંશે તેઓ ભક્તિરસનું પાન કરતા હોય છે. ચાંગદેવજીનો અહં ઓગળ્યો તો જ્ઞાનેશ્વર મહારાજનું અમૃત પચ્યું. જેમનો અહં ઓગળે છે તેમનાં જીવન અને વ્યવહાર કબીરજી દર્શાવે છે તેવાં થઈ જાય છેઃ

'છોડે જબ અભિમાનકો, સુખી ભયા તબ જીવ;
ભાવે કોઈ કછુ કહે, મેરે હિય નિજ પીવ.'

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

પરમ શાંતિઃ

સમર્થના શરણે બદલાતાં જીવનવહેણ

એક સાધકની વાત

પ્રિય વાચકો,

एकमेवाक्षरं यस्तु गुरुः शिष्यं प्रबोधयेत् ।
पृथिव्यां नास्ति तद्द्रव्यं यद्दत्वा चाऽनृणी भवेत ॥

અર્થાત્

"ગુરુ પોતાના શિષ્યને જે એક અક્ષરનું જ્ઞાન આપે છે તેનું ઋણ ચૂકવવા યોગ્ય આ પૃથ્વી પર એવી કોઈ વસ્તુ નથી કે જે આપીને શિષ્ય ઋણ ચૂકવી શકે."

મારા જીવનનો એ પરમ સૌભાગ્યશાળી દિવસ હતો કે જે દિવસે મને પૂજ્યશ્રીનાં પ્રથમ પાવન દર્શન થયાં હતાં!

અરે! આ શું થયું? હું તો જોતો જ રહ્યો એ ભવ્ય મૂર્તિને! યોગશક્તિપૂર્ણ વિશાળ નેત્ર, ઉન્નત અને વિશાળ મસ્તક, મુખારવિંદ પર એક વિશેષ પ્રકારની આધ્યાત્મિક

ચમક અને મધુર હાસ્ય – આવાં મહાપુરુષનાં દર્શન તો મને આજ સુધી કયાંય થયાં ન હતાં કે જેમનું પ્રથમ દર્શન જ મારા હૃદયને આટલું પ્રેમથી આકર્ષી શકે!

આથી પણ વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે પૂજ્યશ્રીએ મને જોતાં જ કહ્યું કે: 'હવે લૌકિક લગ્નમાં કેમ ફસાઓ છો? હું તમારાં લગ્ન તેની સાથે (પરમાત્મા સાથે) કરાવીશ.'

તો તેઓ મારા મનની વાત પણ જાણી ગયા છે કે આ કેમ અહીં આવ્યો છે! નથી હું એમને પહેલેથી ઓળખતો કે નથી તેઓ મને ઓળખતા. નથી મેં એમને કદી પહેલાં જોયા.

એ દિવસોમાં હું કામ-વિકારથી ખૂબ જ પીડિત હતો. પરંતુ આ વખતે એ કામ-વિકાર કયાં ચાલ્યો ગયો અને કેવી રીતે ચાલ્યો ગયો એ પણ હું સમજી શકયો નહિ. હમણાં જ ઘેર ૧૮ વર્ષની છોકરીને (થનાર પત્નીને) છોડીને આવ્યો છું–માત્ર એટલું જ પૂછવા માટે કે સ્વામી લીલા-શાહજી મહારાજ આજકાલ કયાં બિરાજી રહ્યા છે. પણ અહીં પૂજ્યશ્રીનાં દર્શન થયાં અને એ દર્શને તો આખી પરિસ્થિતિ જ બદલી નાખી.

મારી તો જલ્દીમાં જલ્દી લગ્ન કરવાની ઈચ્છા હતી.

મારી ઉંમર ૫૧ વર્ષની અને પેલી માત્ર ૧૮ વર્ષની. આ તે કંઈ મેળ છે? પણ થઈ રહ્યો હતો. કારણ કે પહેલાં મારાં એક પછી એક એમ બે લગ્ન થઈ ચૂકયાં હતાં અને બંને પત્નીઓ એક પછી એક સ્વર્ગસ્થ થઈ ગઈ હતી. પરંતુ હું પત્ની વિના એક રાત પણ રહી શકતો ન હતો—એટલો હું કામી હતો! આથી હજારો રૂપિયા ખર્ચીને ઘણી શોધખોળના અંતે આ છોકરી મળી હતી. તેણી લગ્નની બધી શરતો પણ માની ગઈ હતી.

ઓહ! તેણી સાથે લગ્ન થઈ જાત તો આજે હું કયાં હોત! મારું સ્થૂળ, કફથી ભરેલું, દમની બીમારીથી ઘેરાયલું અશક્ત શરીર, વૃદ્ધાવસ્થા તરફ આગળ વધતાં ડગલાં, જૂનો કબજિયાત, તડકો સહેવામાં એટલો નબળો કે છત્રી વિના દુકાન નીચે પગ ન મૂકાય—અને છતાં હું આ ત્રીજાં લગ્ન કરી રહ્યો હતો! જો એ થઈ જાત તો ઘરમાં આજે કેટલી અશાંતિ હોત! પહેલાંનાં બાળકો અને નવી માના આપસના કજિયા-કંકાસ અને એમાં ગુંચવાયલો હું જીવી રહ્યો હોત—ઓહ? ....અને મારા પરમાર્થનું શું થાત! આજે પણ આ વિચાર મારા હૃદયને કંપાવી દે છે.

એ મહાપુરુષને પ્રણામ કરી હું ઘેર આવ્યો, પરંતુ હવે

હું પહેલાંનો ચંદીરામ ન હતો. હું બદલી ચૂકયો હતો. મેં નક્કી કરી લીધું હતું કે આ લગ્ન નહિ થાય. પણ ઘેર ભાઈ-ઓએ કહ્યું કે તમે તમારી અને અમારી બધી જ મહેનત પર પાણી ફેરવી રહ્યા છો. આ ઠીક નથી થતું. ફરી લગ્ન માટે આવી તક નહીં મળે.

એ જાણીને એમના આશ્ચર્યનો પાર ન રહ્યો કે લગ્ન માટે જે આટલો ઉતાવળો થઈ રહ્યો હતો તે એકદમ કેવો બદલાઈ ગયો! આ કયાં જઈને પાછો આવ્યો છે! અને પાછો આવ્યો છે તો એ જ નથી રહ્યો, કંઈક જુદો જ બની ગયો છે.

ત્રણ ચાર વર્ષ સુધી ભાઈઓ, સગાં-સંબંધીઓ, મિત્રો વગેરે બધા જ આ કાર્યમાં પરિશ્રમ કરી રહ્યાં હતાં. દલાલો-માં પણ પાણીની જેમ પૈસો વેરીને મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ વગેરે પ્રાંતો તેમજ ગુજરાતના કચ્છ, વડોદરા વગેરે નાનાં મોટાં કેટલાંય સ્થળોએ ફરી વળીને જે છોકરી શોધીને આ સંબંધ થનારો હતો, અને લગભગ થઈ જ ગયો હતો – એ બધી મહેનત શું ધૂળમાં મળશે? ભાઈઓએ ફરી એકવાર મને સમજાવવાનો પ્રયત્ન કર્યો. આથી મેં પણ વિચાર કર્યો કે હું મારા જૂના વિચારને ફરીથી જગાડું અને છોકરી તેમજ તેની મા સાથે ફરીથી વાત કરું.

આવું વિચારીને મેં આગળ પગલું ભર્યું.

અને આ મારા માટે ત્રીજો મહત્ત્વપૂર્ણ અનુભવ હતો કે જે જીવનમાં મને કદી થયો ન હતો. અને ભાગ્યથી જ આ પૃથ્વી પર અન્ય કોઈને થતો હશે.

એ દશ્ય મને આજે પણ યાદ છે.

અમે બંને-પેલી છોકરી અને હું, માત્ર અમે બે જ - એક બંધ ઓરડામાં રહ્યાં. આ પેટ્રોલ અને આગનું મિલન હતું. ભડકો થવો જ જોઈતો હતો, કેમકે આજ સુધી મારા જીવનમાં ભડકો થતો જ આવ્યો હતો. પણ આ શું......? મેં તેણીને સ્પર્શ કર્યો, કામવિકાર યુક્ત કેટલાંક અડપલાં કર્યાં, કામવિકારને જગાડવાનો ખૂબ પ્રયત્ન કર્યો. પણ મેં જોયું કે અંદરથી કામ વિકાર ઊઠતો જ ન હતો. મેં ખૂબ કોશિશ કરી કે વિકાર ઊઠે અને પછી પેલો આનંદ- પણ વિકાર જ ન ઊઠ્યો. અરે, હું આટલો કામી હતો ને આજે આ શું થયું?......... ઓહ! આ અનુભવ તો ઋષિઓ માટે પણ દુર્લભ રહ્યો છે— ઘણીવાર! એકાંતમાં એક ભરયૌવન કુંવારી છોકરીને સ્પર્શ વગેરે કરવામાં આવે અને વિકાર ન ઊઠે!... આ થયું કેવી રીતે? કલાક સુધી મેં પ્રયાસ કર્યો

કે વિકાર ઊઠે પણ વિકાર ન જ ઊઠ્યો. તરત ખ્યાલ આવ્યો—આ એ મહાપુરુષની કૃપાનું જ ફળ દેખાય છે. માનવ વેશમાં તેઓ મને ભગવાન જ લાગ્યા. એમને જો હું છોડી દઈશ તો આગળ મારું શું થશે ...! નહિ...હવે તો ભલે કેટલાંય વિઘ્નો આવે, ભાઈઓનો ભલે કેટલોય વિરોધ હોય પણ હું એમની છત્રછાયા નહિ છોડું. બસ! મેં દઢ નિશ્ચય કરી લીધો. હવે મને આ વિષયોનો સંસાર નહિ જોઈએ આ લૌકિક સુખ હવે મને લોભાવી નહિ શકે. હવે તો એ મહાપુરુષ જ મારી નાવના સુકાની બનશે.

મેં નિશ્ચય કર્યો — અને પેલી છોકરીને બહેન ભાવે જોઈ, તેની ક્ષમા માગી. મુસાફરી વગેરેના ખર્ચ માટે કેટલાક રૂપિયા આપ્યા અને...ચાલી નીકળ્યો......પોતાના પરમાર્થ માટે એ જ મહાપુરુષ પાસેથી માર્ગદર્શન લેવા.

આશરે પાંચ વર્ષ થઈ ગયાં આ બનાવને. એ મારા જીવનનો સુવર્ણદિન હતો જ્યારે મારા પુણ્યોદય રૂપ એ મહાપુરુષનું પ્રથમ દર્શન થયું હતું. આજે એ જ મહાપુરુષ '**શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ યોગીરાજ સંતશ્રી આશારામજી મહારાજ**' ના નામે પ્રસિદ્ધ છે. મોટેરા આશ્રમમાં આજે પણ મારા જેવા કેટલાય ભૂલેલા ભટકેલા સાધકો એમની પાસેથી દિવ્ય પ્રેરણા લઈને પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

અત્યારે હું પૂજ્યશ્રીનાં ચરણોમાં જ રહું છું. મને પૂજ્યશ્રીએ નેતિ, ધોતી, આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરે કેટલીય યૌગિક વિધિઓ પણ થોડા સમયમાં જ શીખવી દીધી હતી. યોગમાં મને કેવી કેવી ઊંચી ભૂમિકાના અનુભવો થાય છે તે તો ગુરુની આજ્ઞા વિના કહી ન શકું. પરંતુ પૂજ્યશ્રીના શ્રીમુખેથી મારા વિષે સાંભળેલી વાત કહી શકું છું.

એકવાર પૂ. સ્વામીજી આશ્રમમાં એક મિનિસ્ટરને કહી રહ્યા હતા: 'આ જે સફેદ દાઢીવાળા સંતને તમે જોઈ રહ્યા છોને, એનો ૪ વર્ષ પહેલાંનો શેઠના વેશમાં ફોટો તમે જુઓ તો તમને વિશ્વાસ નહિ આવે કે આ જ તે શેઠ છે. એ સમયે એનું શરીર બેડોળ, સ્થૂળ અને કફથી ભરેલું હતું. પરંતુ યોગિક સાધના કરવાથી એ શરીર આજે એટલું હલકું ને સ્ફૂર્તિવાળું થયું છે કે ભલભલા જવાનો સાથે દોડી શકે છે. ૪–૫ વર્ષમાં જ યોગ દ્વારા એણે સાધકની એવી ભૂમિકા પ્રાપ્ત કરી છે કે દૂર દૂર સુધી આવી ભૂમિકાવાળો સાધક કોઈ વિરલો જ મળે. જે ભૂમિકા પર પહોંચવા માટે વર્ષો સુધી પહાડોની ગુફાઓમાં તપસ્યા કરવી પડે છે તે ભૂમિકા એણે પોતાની શ્રદ્ધા અને પ્રયત્ન દ્વારા હાંસલ કરી છે."

આજે તો પૂ. સ્વામીજીના નિકટના સાંનિધ્યમાં હું હમેશાં જોઉં છું કે કેટલાય નવા તેમજ જૂના, વર્ષોથી

સાધનામાં લાગેલા, છતાં નિરાશ એવા સાધકો હર હંમેશ અહીં આવીને પૂજ્યશ્રી પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન લે છે. ગુરુપ્રાપ્તિ માટે એ સાધકોની જ્યાં ત્યાં રખડપટ્ટી અને છતાં યોગ્ય ફળ ન મળવાની નિરાશાભરી વાતો જ્યારે હું સાંભળું છું ત્યારે મારા ભાગ્યને ધન્યવાદ આપતાં વિચારું છું કે: **'આહ! હું કેટલો ભાગ્યશાળી છું કે મને પૂજ્ય ગુરુદેવના સાંનિધ્ય માટે એટલું ભટકવું ન પડ્યું.'**

મારા પર પૂજ્ય ગુરુદેવની અપાર કૃપાનું એક ઉદાહરણ આપું છું. એકવાર કોઈ કામ પ્રસંગે મારે મારા ગામે જવું પડ્યું. ત્યાં મને ખબર પણ ન પડી અને જૂનો મોહ જાગી ગયો. હું ત્યાં જ ખોવાઈ ગયો. મને ખ્યાલ ન રહ્યો કે મારું પતન થઈ રહ્યું છે. એ દિવસોમાં એક વાર હું વહેલી સવારે એકાંત સડક પર ફરવા નીકળ્યો હતો. ત્યાં જોઉં છું તો પૂ. ગુરુદેવ મારાથી થોડાંક જ પગલાં આગળ ચાલી રહ્યા હતા. મેં દોડીને એમનો ચરણસ્પર્શ કરવા પ્રયાસ કર્યો પણ એટલામાં તો તેઓ અંતર્ધાન થઈ ગયા. બસ! હું સંકેત સમજી ગયો અને બે જ દિવસમાં એ સ્થાન છોડીને આશ્રમ-માં પૂજ્યશ્રીનાં ચરણોમાં ફરીથી આવી ગયો.

એ તો મને પાછળથી ખબર પડી કે મારું કેટલું પતન થવાનું હતું અને પૂજ્યશ્રીએ મને સમયસર બચાવી લીધો. આવા પ્રસંગો મારા જીવનમાં બન્યા છે. મારા પર પૂજ્યશ્રી-ની અપાર કરૂણા છે. —મહંત ચંદીરામ

સંત શ્રી આશારામજી દ્વારા લોકોના નૈતિક અને ધાર્મિક જીવનના ઉત્થાન માટે કરવામાં આવતું કાર્ય ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રશંસનીય છે. આશારામજીએ અહીં આ જંગલમાં મંગલ બનાવી દીધું છે. અહીંથી સંતશ્રી દ્વારા પ્રેરિત સુધારણાનું કાર્ય સમાજજીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવશે. આપ બધા ખૂબ જ ભાગ્યશાળી છો કે આવા મહાન સંતનું સાંનિધ્ય મળ્યું છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આવા સંતશ્રીને ઈશ્વર લાંબું આયુષ્ય આપે-એમને દીર્ઘજીવી બનાવે.

શ્રી કૈલાસ પીઠાધીશ્વર મહામંડલેશ્વર
૧૦૦૮ સ્વામી શ્રી વિદ્યાનંદ ગિરિજી મહારાજ
વેદાંત-સર્વદર્શનાચાર્ય, કૈલાસ આશ્રમ, ઋષિકેશ

આશારામજીનું એક પુસ્તક વાંચીને મને લાગ્યું કે આ કોઈ મસ્ત ફકીર છે. એમને જરૂર મળવું જોઈએ. તથી અહીં આવ્યો. આહા ! કેવું મનોહર પવિત્ર વાતાવરણ છે

અહીં ! આ સ્થાન તો બહુ જ સુંદર છે. અહીં વધારે રોકાઉં એટલો સમય પણ નથી છતાં એકદમ જવાની પણ ઇચ્છા થતી નથી. આપ બધાનાં પુણ્ય-કર્મો ઉદય પામ્યાં છે તેથી આપને આશારામજી જેવા સંત મળ્યા છે. આપ સ્વામીજીના સંગનો પૂરેપૂરો લાભ ઉઠાવો.

પૂજ્ય શ્રી વૈરાગી બાબા
કૃષ્ણધામ, વૃંદાવન [જિ. મથુરા] યુ. પી.

સાચી વાત તો સંત જ કહે છે. તેઓ તો ફકીરાબાદ છે. આપણા સંત આશારામજી આવા જ સમર્થ સંત છે. એમની પાસેથી કંઈ ને કંઈ લો, નહિ તો સમય ચાલ્યો જશે અને તમે પસ્તાતા રહી જશો. **તમે સાધક છો. એકલા જ સાધના કરશો તો ભટકી પડવા સંભવ છે, પરંતુ આપણા સાંઈ આશારામને પકડી રાખશો તો સાધનામાં સફળ થઈ જશો.**

પૂજ્ય સ્વામી શ્રી મંગળાનંદજી મહારાજ
આયુર્વેદાચાર્ય, ગીતા મંદિર, અમદાવાદ.

આસન-પ્રાણાયામ વગેરે યોગિક ક્રિયાઓ કરવાથી શરીરની સ્થૂળતા ઘટે છે અને મન શાંત થાય છે. પરંતુ

સાધક યોગમાર્ગમાં બરાબર આગળ તો ત્યારે જ વધી શકે છે, જ્યારે એને કોઈ પૂર્ણ યોગી ગુરુ મળે. તમે લોકો ખૂબ જ ભાગ્યશાળી છો, કારણ કે તમને સંત આશારામજી જેવા શક્તિપાત કરવામાં કુશળ અને સમર્થ બ્રહ્મનિષ્ઠ ગુરુ મળ્યા છે.

શ્રી. બલરામદાસજી મહારાજ લોદરા (ગુજરાત)

જે માનવને ધર્મ પ્રત્યે પ્રેમ નથી તે માનવ માનવ નથી, માનવના વેશમાં હેવાન છે. માનવ જ્યારે પૃથ્વી પર આવે છે ત્યારે એને સાચો રસ્તો બતાવવા માટે સંત પણ આ ભુમિ પર આવે છે અને રસ્તો બતાવે છે. સંત તો સાચું શિક્ષણ આપે છે, પરંતુ આપણે તે અંદર ઉતારીએ છીએ કે નહિ એ મહત્ત્વપૂર્ણ વાત છે. **સંત આશારામજીની જે પવિત્ર વાણી છે, ધાર્મિકવાણી છે, સદાચારવાળી વાણી છે તે આધ્યાત્મિક શાંતિ દેનારી વાણી છે, આપણે તેને અમલમાં મૂકવી જોઈએ.**

સાંઈ આશારામજી સાથે મારે ઘણા સમયથી પરિચય છે. પહેલાં અમે દોસ્ત હતા, હવે હું તેમનો શિષ્ય છું. (તાળીઓ). મને આશા છે કે સંતોએ સમાજ માટે જ જન્મ લીધો છે એનો ફાયદો ને ફળ પૂરેપૂરાં લઈએ. એ

સિવાય બીજો કોઈ ઉપાય નથી. હું તો ધર્મનો એટલો જાણકાર નથી, પરંતુ ધર્મમાં મારો અથાહ વિશ્વાસ છે.

શ્રી લેખરાજ બચ્ચાની
સંસદીય સચિવ (ગુજરાત)

આપણા માટે એ મોટા સૌભાગ્યની વાત છે કે આપણને સંત આશારામજી જેવા મહાન ધાર્મિક આગેવાન મળ્યા છે. આજે મોટેરા આશ્રમ તીર્થધામ બની ગયો છે. આપણા સમાજમાં કેટલાય કુરિવાજો ને કુકર્મો વધી ગયાં છે. એને દૂર કરવામાં આશ્રમની સત્પ્રવૃત્તિઓ બહુ જ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી રહી છે.

શ્રી થાવરદાસ ખૂબચંદાની
સભ્ય : ગુજરાત રાજ્ય વિધાનસભા

મારા અધ્યયનકાળમાં ઘણા સમયથી મને મારી સાધનામાં યોગ્ય માર્ગદર્શન આપે એવા મહાપુરુષની આવશ્યકતા હું અનુભવી રહ્યો હતો. એકવાર કોઈના કહેવાથી હું મોટેરા આશ્રમમાં પૂ. સ્વામીજીનાં દર્શન કરવા આવ્યો. પૂ. સ્વામીજીનાં દર્શનમાત્રથી મારી હૃદયવીણાના તાર ઝંકૃત થઈ ઊઠયા અને મેં એમના પ્રતિ એક અલૌકિક આકર્ષણનો અનુભવ કર્યો. થોડા જ સમય બાદ આશ્રમમાં યોજાયેલ ધ્યાન

શિબિરમાં ભાગ લીધો તો હૃદયની બીજી ગ્રંથિઓ ખુલી. એકવાર આશ્રમમાં ફરતો હતો ત્યારે મનોમન વિચારી રહ્યો હતો કે હું કેવી રીતે મારી સાથે સંબંધિત લોકો સાથેના હિસાબ–કિતાબ પૂરા કરીને આશ્રમમાં જ આવીને પૂજ્યશ્રીના સાંનિધ્યમાં રહીને સાધનામાં લાગી જાઉં. એટલામાં તો પૂ. સ્વામીજીએ કુટિરનો દરવાજો ખોલ્યો અને મને બોલાવીને હસતાં હસતાં પૂછ્યું :

"કેમ હિસાબ–કિતાબ પૂરા થયા કે નહિ ?" સાંભળીને હું તો ચકિત થઈ ગયો. હૃદયમાં જ પ્રશ્નોનું સમાધાન થઈ ગયું. મેં પૂજ્યશ્રીનાં ચરણોમાં પ્રણામ કર્યાં-અને ત્યારથી પરમ પૂજ્ય સંત શ્રી આશારામજી મહારાજની દિવ્ય પ્રેરણાથી મારા જીવનની પળેપળ પોષિત થઈ રહી છે.

શ્રી કરસનભાઈ પટેલ, એમ. એ. [તત્ત્વજ્ઞાન],
રિસર્ચ સ્ટુડન્ટ, ગુજરાત યુનિવર્સિટી.

હું એક સાધક મિત્ર મિ. જાનીના આગ્રહથી સ્વામીજીના વાડજમાં થનારા ૩ દિવસના સત્સંગ પ્રોગ્રામમાં માત્ર એક દિવસ ૧૦ મિનિટ માટે અતિથિવિશેષના રૂપમાં આવ્યો હતો. પરંતુ સંત શ્રી આશારામજી બાપુના વેદાંત પ્રવચનમાં મેં સ્વામી વિવેકાનંદજીની સિંહગર્જના સાંભળી અને એમના

મોહક આત્મીય આકર્ષણનો કંઈક એવો વિશેષ પ્રભાવ મારા હૃદયમાં પડ્યો કે હું તે દિવસે તો સત્સંગ કાર્યક્રમમાં રહ્યો જ, એટલું જ નહિ, બાકીના બે દિવસોએ પણ આવતો રહ્યો ને મંત્રમુગ્ધ થઈ સાંભળતો રહ્યો.

સ્વામીજીમાં વિવેકાનંદજીનું આધ્યાત્મિક ઓજસ છે. સંપૂર્ણ સભાને પોતાની તરફ આકર્ષી રાખવાનું પ્રભાવશાળી વ્યક્તિત્વ એમનામાં છુપાયલું છે. મને લાગે છે કે સ્વામી વિવેકાનંદજીએ છોડેલું અધુરું કાર્ય પૂરું કરવા માટે જ આવી સંત જેવી વિભૂતિનું અવતરણ આ ભૂમિ પર થયું છે.

શ્રી મણિશંકરભાઈ પંડ્યા
મેનેજિંગ ડાયરેકટર : વિવેકાનંદ કૉલેજ અને વિવેકાનંદ હોસ્પિટલ, મહામંત્રી : ગુજરાત બ્રહ્મ-સમાજ, તેમજ સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી

જ્યારે અહીં આવું છું ત્યારે સ્વામીજી મને બોલવા માટે કહે છે. પરંતુ અહીં બોલવા માટે નહિ, સાંભળવા માટે આવું છું. મને સ્વામીજીનાં દર્શન તથા વચનામૃતથી જે આત્મિક શાંતિનો અનુભવ અહીં થાય છે એવો બીજે કયાંય નથી થતો. આ સાથે સ્વામીજીને પ્રાર્થના પણ કરું

છું કે હૃદયમાં મોક્ષ માર્ગના પથિકોના લિસ્ટમાં મારું નામ પણ ઉમેરી દે. [ભાવપૂર્ણ શબ્દોમાં] બીજું શું કહું......?

મોતીભાઈ ચૌધરી,
સંસદ સભ્ય, દિલ્હી

હું પહેલાં નાસ્તિક વિચારનો હતો. જ્યારે વિચારોમાં પરિવર્તન આવ્યું તો ગુરુની શોધમાં ભારતના કેટલાય પ્રસિદ્ધ આશ્રમોમાં ફર્યો. એવી જ રીતે અહીં બાબા જયગુરુદેવના મેળામાં બાબાજીનાં દર્શન આવ્યો હતો. ત્યાંથી પણ નિરાશ થઈને જઈ રહ્યો હતો ત્યાં મારા મોટાભાઈ અહીં લઈ આવ્યા. સંત શ્રી આશારામજીને જોઈને પ્રથમ નજરે જ અનુભવ થઈ ગયો કે યોગ્ય જગ્યા પર આવી ગયા છીએ. મનમાં જ બોલ્યો કે, વાહ પ્રભુ ! ઘણો ભટકાવ્યો અને મહાપુરુષ તો બહુ નજીક હતા. મારા પર પૂજ્યશ્રીની અનન્ય કૃપા છે.

શ્રી રમણભાઈ એડવોકેટ
યુવા નેતા, હિંમતનગર (ગુજરાત)

પ્રકાશક : શ્રી યોગ વેદાંત સેવા સમિતિ
મોટેરા આશ્રમ, સાબરમતી, અમદાવાદ-૫
મુદ્રક : રતિલાલ અં. પટેલ, અક્ષર પ્રેસ, ૧૧, આશિષ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ, અમદાવાદ-૨૩

"જે એકવાર સ્વામીજીનાં દર્શન માટે આવ્યું તેને પોતાના હૃદયનો કબજો સ્વામીજીને સોંપવો જ પડે છે...."

— 'ધર્મસંદેશ' દીપોત્સવી વિશેષાંક, ૧૯૭૭

"એક જાગ્રતતમ આત્માનાં સ્પંદનો કેટલાં સબળ, ગતિશીલ અને ચૈતન્યદાયક હોઈ શકે એની પ્રતીતિ એમના આશ્રમ તરફ ગતિ કરતાં જ થવા લાગે છે. આશ્રમમાં દૂરસુદૂરથી આવનારા ભક્તો, સાધકો અને મુલાકાતીઓ આ અનોખાં સ્પંદનોનો અનુભવ અવશ્ય કરે છે. ઉત્તરાયણ અને ચૈત્રમાં ચેટ્ટીચંડ મહોત્સવ પ્રસંગે યોજાતી યોગસાધના શિબિરો વખતે તો આ સત્ય વાતાવરણમાં ગુંજતું દેખાય છે. સાચા સંત અને યોગીશ્વરની દૃષ્ટિ કે શબ્દ જ નહિ, એમનું અસ્તિત્વ અને સ્મરણ પણ કેવા ભાવ જગાડી શકે છે એ તો માત્ર ભાવિકોને જ સમજાય."

— 'પીયૂષ' માસિક, મે, ૧૯૭૮

• "...ખેર, મારું કહેવું એટલું જ છે કે આપણને એ સમજ આવી જાય કે આ નશ્વર શરીરમાં રહીને આપણે શાશ્વતને જાણી લઈએ. અને એટલા માટે પહેલાં પોતાનો અહં છોડવો જરૂરી છે. જેને તે આવડી ગયું, સમજી લો તેને જ્ઞાન થઈ ગયું. એવા સમજદાર માટે તો સાક્ષાત્કાર કદમોમાં છે."

• પરમાત્માને તથા પરમાત્માના પ્યારાઓને જોતાં જોતાં સાધના-પથ પર હિંમતપૂર્વક આગળ વધતા રહો.

• નિર્ભય અને પ્રસન્ન રહેવું એ તમારું સૌથી પ્રથમ કર્તવ્ય છે. 'ગુરુવાણી'માં ઠીક જ કહ્યું છે કે :

'નિભંવ જપે સકલ ભવ મિટે
સંત કિરપા તે પ્રાણી છૂટે.'

— સંતશ્રી આશારામજી મહારાજ

દર્શન પ્રિન્ટર્સ, અમદાવાદ-૧ · ફોન ૩૮૮૨૬૯